અપીલ અરજી નં.૯૬ તા.૨૭–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭–૪–૧૧ ની અરજીથી (૧) બીલીયા નગર નવાગામ ડીંડોલી મંદિરની સામેની ગલીમાં (૨) આર.ડી.નગરની બાજુમાં દિપકનગર ઉપરોકત બન્ને સ્થળોએ ભવ્ય ઈમારતોનું બાંધકામ ચાલુ છે તેની રજાચીઠ્ઠી, કાયદેસરતા, પરવાનગી, માળ ક્ષેત્રફળ વગેરે સંપૂર્ણ માહિતિ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૫–૧૧ ની **SMC/FAP/** નં.૯૬/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭–૪–૧૧ ની અરજીથી (૧) બીલીયા નગર નવાગામ ડીંડોલી મંદિરની સામેની ગલીમાં (૨) આર.ડી.નગરની બાજુમાં દિપકનગર ઉપરોકત બન્ને સ્થળોએ ભવ્ય ઈમારતોનું બાંધકામ ચાલુ છે તેની રજાચીઠ્ઠી, કાયદેસરતા, પરવાનગી, માળ ક્ષેત્રફળ વગેરે સંપૂર્ણ માહિતિ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૦ તા.૪–૬–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ.નં.૧૦૪૬ તા.૪–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૩૨ તા. ૨–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૨૩ તા.૨૯–૪–૧૧ થી લીંબાયતઝોનને અરજી તબદીલ કરેલ છે. જે બાબતે અરજદારેનિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૨૭–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) બીલીયા નગર નવાગામ ડીંડોલી મંદિરની સામેની ગલીમાં (૨) આર.ડી.નગરની બાજુમાં દિપકનગર ઉપરોકત બન્ને સ્થળોએ ભવ્ય ઈમારતોનું બાંધકામ ચાલુ છે તેની રજાચીઠ્ઠી, કાયદેસરતા, પરવાનગી, માળ ક્ષેત્રફળ વગેરે સંપૂર્ણ માહિતિ. (૩) પરવાનગી ન આપી હોય અને રજાચિઠ્ઠી ન આપી હોય તો જે તે જવાબદાર કટકીખોર અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી. (૪) જુ.ઈજનેર ઠકકર, વિનોદ લુહાર, યોગેશ પટેલ ઉપરોકત ત્રણેય અધિકારીઓના વિસ્તારના ડીમોલીશનના લીસ્ટમાં નામ હોય છતાં નહીં થયેલા ડીમોલીશનના બાંધકામો, બિલ્ડરો, આપેલ નોટીસોની સમય મર્યાદા પછી હાથ ધરાયેલ કે કટકી કરી હાથ ન ધરાયેલ બાંધકામોની વિગતવાર માહિતી તથા ડીમોલીશન ન થવાના કારણો સહિતની માહિતી. (૫) રાહુલરાજ ટેક્ષ. સીટીમાં ખાડીમાં માટી પુરાણ, પુરાણ પર બાંધકામ, ડીપોઝીટ, પેનલ્ટીની કલમ–૨૬૦ ની આપેલ નોટીસ વિગેરેની તારીખ સહિતની સંપૂર્ણ માહિતી. (૬) મુદ્દા નં.૪ માં જણાવેલ ત્રણેય અધિકારોઓના વિસ્તારમાં જે તે સોસા. બિલ્ડરના આઈ.સી.ના નાણા બાકી હોય તે વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી હોય કે ન હોય તેમજ કેટલા નાણા બાકી હોય તેની વિગતવાર સંપૂર્ણ માહિતી તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ સહિતની સંપૂર્ણ માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી તેમના પત્ર નં.સા.ઝોન/મહેકમ/૧૦૩૨ તા.૨–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી મુદ્દા નં.૧,૨ અને ૩ ના ત્રણ મુદ્દાઓમાં જણાવેલ બાબતેના મિલ્કતોના પ્લોટ નંબર સહિતની સ્પષ્ટ લોકેશન જણાવ્યેથી સચોટ માહિતી આપી શકાય. મુદ્દા નં.૪ અને ૫ અરજદાર તરફથી માંગેલ માહિતી અન્વયે આપવા જોગ નકલ નંગ–૧૫ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. પૂરક વિગતોમાં અરજદારને પૂરી પાડેલ માહિતીમાં મુદ્દા નં.૪ અને ૫ માં આપવા જોગ નકલ નંગ–૧૫ સામેલ છે એવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૨ અને ૩ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને મિલ્કતના પ્લોટ નંબર કે ચોકકસ સ્થળ સ્થિતિ સ્પષ્ટ કર્યેથી આપવા તૈયારી દર્શાવેલ છે અરજદારે તે અંગે કોઈ કાર્યવાહી કરી કે કેમ? તે જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવને અનુલક્ષી તેવી વિગતો સ્પષ્ટ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. મુદ્દા નં.૪ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નકલો પૂરી પાડયાનું જણાવેલ હોઈ વિવાદ રહેતો નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ,